# <u>મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં એડી.ચીફ જ્યુડી.મેજી.શ્રીની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>

**ફોજદારી કેસ નં.૧૦૨૮/૨૦૨૨**

**આંકઃ–૧૨**

**ફરિયાદીઃ–** **સરકાર વતી – શ્રી પી.જી.ગજેરા**
સરકારી શ્રમ અધિકારી અને લઘુત્તમ વેતન અધિનિયમ ઈન્સ્પેક્ટર,
અમદાવાદ.
નાયબ શ્રમ આયુક્તની કચેરી, બીજો માળ,
શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.

**વિરુદ્ધ**

**આરોપીઓઃ–શ્રી મહેન્દ્રભાઈ એમ.પંચાલ(માલીકશ્રી)**
ફલુઈડ પેક, આઈ–૪૧૧૬, ફેઝ–૪, જી.આઈ.ડી.સી.,
વટવા, અમદાવાદ.

**ગુન્હોઃ– <u>લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮નાં કલમ–૨૨(એ) મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત.</u>**

---

ફરિયાદી તરફેઃ–
આરોપી તરફેઃ– વિ.વ.શ્રી એ.આર.મિશ્રા

---

**<u>––:: હુ ક મ ::–</u>**

**(૧)** ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી ફેકટરી એકટની કલમ–૧૯(૧) નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામનાં ફરિયાદીએ આરોપી સંસ્થાની તા.૦૫/૦૭/૨૦૨૨ ના રોજ મુલાકાત લેતાં, લઘુતમ વેતન અધિનિયમ ૧૯૬૧ નાં **નિયમ–૨૬(ડી),૨૬(૨),૨૬(બી)(૧),૨૧(૪) નાં ભંગ બદલ** લઘુતમ વેતન અધિનિયમની **કલમ–૨૨(એ)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

**(૨)** ઉપરોકત સંદર્ભની ફરિયાદ અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતાં અત્રેની કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

**(૩)** આરોપીઓને સમન્સ બજી જતાં આરોપી આજરોજ તેમનાં વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કેરલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ

છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીઓએ ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં આરોપી પોતાને ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતાં તેમાં પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.આમ, આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતાં હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આરોપીઓનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીઓને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુકમ ::--**

૧) સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે લઘુતમ વેતન અધિનિયમ **૧૯૬૧ નાં નિયમ-૨૬(ડી),૨૬(૨),૨૬(બી)(૧),૨૧(૪) નાં ભંગ** બદલ લઘુતમ વેતનની **કલમ-૨૨(એ)** હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને દરેક નિયમ ભંગ બદલ રૂા.૨,૦૦૦/- લેખે કુલ ૪ ભંગ બદલ કુલ **રૂા.૮,૦૦૦/- (અંકે રૂપિયા આઠ હજાર પુરા) નો દંડ,** અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેસની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯/૦૯/૨૦૨૩ નાં રોજ અત્રેની કોર્ટમાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૦૯-૦૯-૨૦૨૩.
સ્થળ : અમદાવાદ.

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

M.F.PARMAR,(P.A)